# સુરત મહાનગરપાલિકા

રીક્રુટમેન્ટ વિભાગ, પાંચમો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ,મહાનગરપાલિકા
કચેરી, મુગલીસરા, સુરત.

સુરત મહાનગરપાલિકાની નીચે જણાવેલ જે તે કેડરોની પરીક્ષાઓ તેની સામે દર્શાવેલ તારીખે લેવામાં આવેલ છે. જે પરીક્ષામાં હાજર રહેલા ઉમેદવારોના ગુણ સહિત પાસ થયેલા ઉમેદવારોની યાદી એનેક્ષર–૧ થી તેમજ નાપાસ થયેલા ઉમેદવારોની યાદી એનેક્ષર–૨ થી આ સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

| ક્રમ નં. | કેડરોની વિગત | જાહેરાત નંબર અને તારીખ | પરીક્ષાની તારીખ |
|---|---|---|---|
| ૧ | (કોડ–૧૮૫) આસીસ્ટન્ટ ઈન્ફર્મેશન સીસ્ટમ મેનેજર | ૮૩– તા.૨૪/૦૬/૨૦૧૯ | તા.૨૫/૦૨/૨૦૨૩ |
| ૨ | (કોડ–૨૦૪) આસીસ્ટન્ટ ઈજનેર (ઈલેકટ્રોનીકસ) | ૮૩– તા.૨૪/૦૬/૨૦૧૯ | તા.૨૫/૦૨/૨૦૨૩ |
| ૩ | (કોડ–૨૦૫) આસીસ્ટન્ટ ઈજનેર (કોમ્પ્યુટર) | ૮૩– તા.૨૪/૦૬/૨૦૧૯ | તા.૨૬/૦૨/૨૦૨૩ |
| ૪ | (કોડ–૫૧૩) સુપરવાઈઝર (કોમ્પ્યુટર) | ૮૩– તા.૨૪/૦૬/૨૦૧૯ | તા.૨૬/૦૨/૨૦૨૩ |

(૧) ઉપરોકત કેડર પૈકી ક્રમ નં.૧ થી ૩ ની કેડરો માટે પસંદગી/પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે ઉમેદવારે લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના ૮૦ % તથા પર્સનલ ઈન્ટરવ્યુના ૨૦ ગુણમાંથી મેળવેલ ગુણ મળી ૧૦૦ % મુજબ ભારાંક નકકી થયેલ હોય,(ભારાંક અંગેની વિગતો ઉમેદવારને આપવામાં આવેલ લેખિત પરીક્ષાના કોલ લેટર સમયે પણ જણાવવામાં આવેલ છે.) ક્રમ નં.૧ થી ૩ ની કેડરો માટે લેખિત પરીક્ષામાં સફળ થયેલ ઉમેદવારોને પર્સનલ ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે. જે અંગેની તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે. જે માટે ઉમેદવારોને તેમના અરજીમાં દર્શાવેલા સરનામે કોલ લેટર ટપાલ મારફતે મોકલી તેમજ મોબાઈલ નંબર ઉપર એસ.એમ.એસ. થી જાણ કરવામાં આવશે.

(૨) ક્રમ નં.૪ ની કેડર માટે પસંદગી/પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે ઉમેદવારની શૈક્ષણિક લાયકાત તથા અનુભવના ૬૦ % તથા ઉમેદવારે લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના ૪૦% મુજબ ગણતરી કરતા ૧૦૦ % મુજબ ભારાંક નકકી થયેલ હોય, (ભારાંક અંગેની વિગતો ઉમેદવારને આપવામાં આવેલ લેખિત પરીક્ષાના કોલ લેટર સમયે પણ જણાવવામાં આવેલ છે.) જે મુજબ ગણતરી કરી મેરીટયાદી તૈયાર કરવામાં આવશે. સદર મેરીટયાદી તૈયાર કરતા પહેલા પરીક્ષામાં સફળ થયેલા ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત તથા અનુભવના પ્રમાણપત્રોની ખરાઈ કરવા રૂબરૂ બોલાવવામાં આવશે. જે માટે તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે. જે માટે ઉમેદવારોને તેમના અરજીમાં દર્શાવેલા સરનામે કોલ લેટર ટપાલ મારફતે મોકલી તેમજ મોબાઈલ નંબર ઉપર એસ.એમ.એસ. થી જાણ કરવામાં આવશે.

**** ઉપરોકત (૧) અને (૨) ની વિગતો ધ્યાને લેતા, લેવામાં આવેલ લેખિત પરીક્ષાનું પરિણામ એનેક્ષર–૧ તથા એનેક્ષર–૨ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. પ્રસિધ્ધ કરવામાં આવેલ યાદીમાં ઉમેદવારનું નામ સમાવિષ્ટ થયેલ હોવા માત્રથી ઉમેદવાર જે તે જગ્યા માટે પાત્રતા ધરાવતા હોવાનો કે નિમણૂંક માટેનો હકક દાવો કરી શકશે નહી.**

* * * * * * * *